પટેલ કમલેશકુમાર ડી.
ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સકોલેજ ડીસા
વિષય-ગુજરાતી
તા-૨૦/૦૨/2021

## પ્રશિષ્ટ કૃતિ તરીકે ' સરસ્વતીચંદ્ર '

આપણે પ્રશિષ્ટ  કૃતિ વિશે જ્યારે વાત કરતા હોઇએ ત્યારે પ્રશિષ્ટ શબ્દનો અર્થ જાણવો જરૂરી છે. અંગ્રેજી  'classic'  ના પર્યાય તરીકે  ગુજરાતીમાં 'પ્રશિષ્ટ કૃતિ' પ્રયોગ થાય છે. સંસ્કૃત કે લેટિન ભાષાના સમગ્ર સાહિત્યને માટે પણ એ વિશેષણ વપરાય છે. સાહિત્યજગતમાં ક્લાસીકલ' અને 'રોમેન્ટિક' એમ બે વર્ગો પ્રચલીત છે. આમ વિવિધ સંદર્ભમાં પ્રશિષ્ટ શબ્દનો પ્રયોગ થાય છે. પ્રશિષ્ટ કૃતિની છાપ ઇતિહાસ ઉપસાવી આપે છે. એક રીતે કહી શકાયકે પ્રશિષ્ટતાનો જનક કાળ છે. સમયનો પડકાર પ્રત્યેક સર્જક ઝીલતોહોયછે.સમયનું મોજું મોટાભાગના લેખકો પર ફરી વળે છે. પ્રશિષ્ટ કૃતિનું પહેલું લક્ષણ સમયનાં મોજાંના પડકારોની સામે ટક્કર ઝીલવાનીશકિત છે. 'ઇલિયડ,''રામાયણ' અને 'મહાભારત'  આજ સુધી એવી ટક્કર ઝીલતાં રહ્યાં  છે. વર્તમાન નહી પણ ભૂતકાળ એનું ઉદભાવક બળ છે. વર્તમાનકાળની ગમે તેવી સમર્થકૃતિપ્રશિષ્ટ કક્ષા પ્રાપ્ત કરી શકતી નથી.મહાનકવિઓ, સંતો કે ફિલસૂફોની શકિતનો સાચો પ્રભાવ તેમના જીવતાં પડે એવું તો જવલ્લે જ બની શકે. સમય પસાર થતો જાય તેમ તેમના વિચારો,ભાવનાઓ અને સત્યોની ઓળખ પ્રજાને થતી જાય. જૂની સત્વશીલ કૃતિનાં પાત્રો, શ્રીકૃષ્ણનો ગીતા ઉપદેશ, રામાયણનાં રામ અને સીતા  ભારતીય સંસ્કૃતિના અભિન્ન અંગરૂપ બની ગયાં છે એ હકીકત પ્રશિષ્ટતાની નિદર્શક ગણાય. આમ સમયના પરિપાકરૂપે પ્રશિષ્ટ કૃતિ જન્મેછે.

પ્રશિષ્ટ કૃતિના જન્મ માટે લાંબી અનેમૂળગત સાંસ્કૃતિક પરંપરા ઉપકારક નીવડે છે. ઉચ્ચ કોટીનો સર્જનનો ફાલ ઊતરે એવી પ્રતિભા ન હોય તોકોઇ સંજોગોમાં પ્રશિષ્ટ કૃતિ જન્મી શકે નહી એ દેખીતું છે. અમેરિકાની સંસ્કૃતિને માટે હજુ કદાચ classic  પ્રગટાવવા માટે સદીઓ જોઇશે. તેની સામે ભારત, ઇરાન અને રોમની સંસ્કૃતિની પરંપરાએ કેટલીક અમર કહી શકાય તેવી પ્રશિષ્ટ કૃતિઓ આપી છે.સર્વગ્રાહિતા એ પ્રશિષ્ટ કૃતિનું એક મહત્વનું લક્ષણ છે. ઉત્તમ

કોટીની પ્રશિષ્ટ કૃતિમાં સમગ્ર યુગની શકિત પ્રગટ હોય છે. સમગ્રપ્રજાના ચારિત્ર્યને એ પ્રતિબિંબિત કરે છે. પ્રજાની ભાષામાં તેની સમગ્ર સંસ્કૃતિનું યુગવત દર્શન થાય એ રીતે તેનું સર્જન થાય છે. પ્રજાના તમામ વર્ગોનું એ પ્રિય પુસ્તક થઇ પડે છે. દુનિયાના સાહિત્યમાં આવી કૃતિઓ આંગળીના વેઢે ગણાય તેટલી જૂજ હોય છે. રામાયણ, મહાભારત અને ઇલિયડ જગત સમક્ષ આ કક્ષાની સર્વસ્વીકૃત થયેલી કૃતિઓ છે અને આવી કૃતિઓ  જ્યારે જીવન વિગ્રહ દારુણ બન્યો હોય અને માનવ સંસ્કૃતિ ભયમાં આવી પડી હોય ત્યારે પ્રશિષ્ટ કૃતિમાં રજૂ થયેલાં માનવ જીવનને ઉપકારક તાત્વિક મૂલ્યો દીવાદાંડીની ગરજ સારેછે.

‘સરસ્વતીચંદ્ર‘ એ યુગની સવિશેષ સર્વાંગી સમીક્ષા છે. ગુજરાતી પ્રજાજીવનનું સર્વદેશીય દર્શન અન્ય નવલકથામાં મળવું મુશ્કેલ છે. આ નવલકથામાં બે સંસ્કૃતિઓના મહાસંગમ સમયે, વિવિધ વિષયોમાં પ્રજાહૃદયને મથી રહેલા મહાપ્રશ્નનું પર્યેષણ લેખકે વ્યાપક, વેધક અને ઊર્ધ્વગામી દ્રષ્ટિએ કર્યું  છે. અહીં આ નવલકથાનો પટ વિશાળ છે અનેચાર ભાગમાં વહેંચાયેલો છે. કથાના સમગ્ર પટનો વિસ્તાર અત્યંત વિશાળ,નિર્દોષ,રસપ્રચુર અને સુગ્રથીત છે. તેનું રસવિધાન લેખકની કલ્પનાશકિતનો પરિચય આપે છે.

ગોવર્ધનરામે આ નવલકથામાં દેશી રજવાડાંના રાજકારણથી લઇને ઉત્તમ રાષ્ટ્ર માટેની પોતાની સમજને નવલકથાનાં પાત્રો, કાર્યો, પરિસ્થિતિઓ અને ઘટનાઓ સંદર્ભે વણી લઇને રજૂ કરી છે અને કેટલાંક રૂપકો દ્વારા એમની રાષ્ટ્રમીમાંસાનું કથાગત અને કળાગત આલેખન કરીને ભારતીય સંસ્કૃતિ માટેના તેમના દર્શનનો બોધ કરાવ્યો છે. આ નવલકથામાં ગોવર્ધનરામ ગૃહસંસારના નાના મોટા દરેક પ્રશ્નને પાત્રો તથા તેમનાં કાર્યો નિર્ણયો દ્વારા જીવંત બનાવ્યા છે. એમણે મુખ્યત્વે ચાર કુટુંબ ચિત્રો લીધાં છે. પહેલું કુટુંબ શઠરાયનું છે. બીજું લક્ષ્મીનંદનનું કુટુંબ, ત્રીજું બુદ્ધિધનનું કુટુંબ અને ચોથું વિદ્યાચતુરના કુટુંબ એ દ્વારા આપણા સંસારનાં વાસ્તવિક ચિત્રો રજૂ કર્યાં છે, અને એ દ્વારા તત્કાલીન ગૃહ વ્યવસ્થા અને  સમાજ સ્થિતિનું વ્યાપક ચિત્ર દોર્યું છે. ગૃહ અને કુટુંબ એ સમાજજીવનનું હૃદય છે. ગોવર્ધનરામે આ ચાર કુટુંબચિત્રો દ્વારા તત્કાલીન સમાજના સદઅસદ અંશોનું વિશ્લેષણ કર્યું છે. ગૃહસંસારની જુદીજુદી ભૂમિકાઓ અહીં જોવા મળે છે. પ્રથમ ભાગમાં આવતું શઠરાયનું કુટુંબ જોઇએ તો શઠરાય પોતે નીતિભ્રષ્ટ અને દ્રવ્ય લોભી આથી તેના કુટુંબનું વાતાવરણ પણ અસંસ્કારી,સ્ત્રીઓનાં આચારવિચાર, પહેરવેશ, રહેણીકરણી, વાણીમાં પ્રાકૃતવલણ જોવા મળે છે. એ કુસંસ્કારો શઠરાયના પુત્રમાં પણ ઉતર્યા

છે. એક કુટુંબની ભ્રષ્ટતા સમગ્ર સમાજ અને રાષ્ટ્રને કેવી રીતે હાનિકર્તા થાય છે તેનું પ્રત્યક્ષ ચિત્ર ગોવર્ધનરામે અહીં પૂરું પાડ્યું છે. અને સાથોસાથ એ પણ દર્શાવ્યું છે કે જો દુષ્ટરાય અને ખલકનંદાએ યોગ્ય વિદ્યા પ્રાપ્ત કરી હોત તો તેમના વર્તન વધુ સારા હોત. જો શઠરાયને સમુચિત શિક્ષણ મળ્યું હોત તો ગૃહ કુટુંબનું તંત્ર સુધરી શક્યું હોત ગૃહિતીના અભાવવાળા કુટૂંબનો કેવો કરુણ અંત આવે છે તેનું નિદર્શન ગોવર્ધનરામે શઠરાયના કુટુંબ દ્વારા પૂરૂં પાડ્યું છે.

બીજું કુટુંબ લક્ષ્મીનંદનનું કુટુંબછે. આ કુટુંબ ચિત્રના આરંભમાં સરસ્વતીચંદ્રનો વિદ્યાભ્યાસ દર્શાવ્યો છે. સરસ્વતીચંદ્રનું શિક્ષણ સંસ્કારપ્રેમી વ્યકિતત્વ જે રીતે વિકસી રહ્યુંછે એ તેની અપરમાતા ગુમાનથી સહેવાતું નથી. ગુમાન લક્ષ્મીનંદનની બીજી પત્ની છે. એ પત્નીની મોહપાશમાં સપડાયેલો મુંબઇનો ધનિક શેઠ લક્ષ્મીનંદન એની પત્નીની વાતમાં આવી જાય છે અને પોતાના દીકરાને કટુવચનો કહે છે, ત્યારે પિતાનું ધન મારે મન શિવનિર્માલ્ય છે. એમ સંકલ્પ કરીને એ ગૃહત્યાગ કરે છે. પોતાના પુત્ર ધનનંદનના સ્વાર્થ માટે સાવકા પુત્ર સરસ્વતીચંદ્રની ભાળ ન મળે તેની તમામ પેરવીઓ ગુમાન કરે છે. પોતાનાપુત્રનું હિત સાધવામાં અપરમાતાકેટલી હદે જઇ શકે છે તેનું દર્શન અહી થાય છે. એના મૂળમાં પણ શિક્ષણનો અભાવ છે. સ્ત્રી કેળવણીના અભાવે આપણા સંસારમાં આવાં કેટલાં અનિષ્ટો સર્જાતાં હશે એનું સૂચન કરીને સર્જકે વિદ્યાના મહિમાનુંગાન કર્યું છે. ભારતીય ગૃહસંસારની આવી ઝીણીઝીણી વિગતો દ્વારા ગોવર્ધનરામનું જનસ્વભાવનું ઊંડુ દર્શન અનુભવાય છે.

ત્રીજું કુટુંબ છે બુદ્ધિધનનું કુટુંબ. આ બન્ને કુટુંબો કરતાં જુદા પ્રકારનું બુદ્ધિધન બાળપણમાં રંક છતાં કુલીન પરિવારનું ફરજંદ પિતા તરફથી વારસામાં અભિજાત્ય અને ખુમારી મળ્યાં હતાં એમનું સંસ્કારસિંચન શાળાને બદલે કારભારના ઇતિહાસો, શાસ્ત્રીની કથાઓ વગેરે દ્વારાથયું હતું એક રંક વિધવાના સામાન્ય પુત્રમાંથી બુદ્ધિધન લીલાપુરમાં શિરસ્તેદાર અને પાછળથી ભૂપતસિંહના અમાત્ય પોતાના બુદ્ધિબળ અને પુરૂષાર્થથી બનેછે એનું ચિત્ર અહી પ્રાપ્ત થાય છે. આ બુદ્ધિધનના કુટુંબમાં રત્નનગરીના અમાત્યની પુત્રી કુમુદસુંદરી પ્રમાદધનની પત્ની તરીકે પ્રવેશ પામે છે, અને કુટુંબનું વાતાવરણ જોઇને સહેજ ક્ષોભ અનુભવેછે. એના પિયર જેવું વિદ્યાનું વાતાવરણ બુદ્ધિધનને ત્યાં એને જોવા મળતું નથી. અલ્લડ અલકકિશોરીને કુમુદસુંદરી પોતાના મધુર સ્વભાવથીવિદ્યા અને સાહિત્યગ્રંથોમાં રસ લેતી કરે છે અને એનું હૃદય પરિવર્તન

પણ લાવે છે.એ જ કુમુદ એના પતિ પ્રમાદધનને સુધારી શકતી નથી. બન્નેના સંસ્કારોનીભિન્નતાને લીધે પતી-પત્ની બંને એકબીજાની નજીક આવી શકતા નથી અને પ્રમાદધન પરસ્ત્રીગામી બને છે બુદ્ધિધન સંપત્તિવાન બને છે. પરંતુ રાજકારભારની ગૂંચવણમાં અટવાયેલા અમાત્ય અને નબળા મનના સૌભાગ્યદેવી બાળકોના શિક્ષણ ઘડતરમાં કાળજી ન રાખી શક્યા પરિણામે એમના સંતાનો સુશીલ સંસ્કારી બની શક્યા નહી.ગૃહિણીના અલ્પશિક્ષણને લીધે બુદ્ધિધનનું કુટુંબ પણ આદર્શ કુટુંબ ન બની શક્યું એ આ કુટુંબચિત્રમાંથી ફલિત થાય છે.

ચોથું કુટુંબ છે ગુણસુંદરીનું સંયુક્ત કુટુંબ.અગાઉના ત્રણ કુટુંબચિત્રો કરતાં ગુણસુંદરીનું કુટુંબ ઊંચી સંસ્કારભૂમિકાવાળું છે. ગુણસુંદરીએ રત્નનગરીના સંસ્કારી કુટુંબના વિદ્યાચતુરની પત્ની છે.એ કુટુંબવત્સલ,વ્યવહારદક્ષ, કર્તવ્યદક્ષ,કર્તવ્યનિષ્ઠ અને ધીરશાંત ગૃહિણી છે. એમના વિશાળ કુટુંબની ધુરાનું વહ્ન કરે છે. એનો પતિ દાંપત્યજીવનના આરંભકાળે રાત્રે સાથે બેસીપુસ્તકો વાંચતાં વાંચતાં આ મુગ્ધ ગુણસુંદરીમાંશિક્ષણ સંસ્કારનું સિંચન કરે છે અને એનામાં રસિકતા જગાડે છે. એ અત્યંત ઉદારતાથી સ્વાપર્ણ કુટુંબવાત્સલ્યથી સંયુક્ત કુટુંબની ધુરા એવી રીતે સંભાળી તે ઘરમાં આનંદ અને સંપનું સામ્રાજ્ય પ્રસરાવે છે. એની કર્તવ્ય પરાયણતાથી સાસુ ધર્મલક્ષ્મી અને સસરા માનચતુરનું હૃદય પરિવર્તન લાવે છે. સંયુક્ત કુટુંબની આવી સ્ત્રીનું ચિત્ર આપી ગોવર્ધનરામે આદર્શ સ્ત્રી અને આદર્શ કુટુંબનો નમૂનો પૂરો પાડ્યો છે. સંયુક્ત કુટુંબની મીમાંસા દ્વારા એમણે આ ગુણસુંદરી જેવા વ્યવહારનિપુણ અને સુશીલ,સંસ્કારી ગૃહિણી વડે કુટુંબ કેવી રીતે ટકી રહે છે અને એવા સંયુક્તકુટુંબની સુવાસ કેવી રીતે ફેલાય છે. તે દર્શાવવાનો તેમનો ઉપક્રમ છે. આ નવલકથાની પાત્રસૃષ્ટિ વિવિધ અને સપ્તરંગી છે. સમાજના બધા સ્તરનાં અને સંસ્કારની બધી ભૂમિકાઓનાં પાત્રો ગોવર્ધનરામે સર્જ્યાં છે. આવિવિધ પાત્રસૃષ્ટિના સર્જનનો હેતુ જીવન સમીક્ષાનોછે.પાત્રો પોતાનાં કાર્યોથકીનવલકથામાંસ્વાભાવિકનેવાસ્તવિકલાગેછે.સરસ્વતીચંદ્રશ્રીમંત,ભાવનાશીલ,સ્વદેશવત્સલ,વિદ્વાનયુવકોનોપ્રતિનિધિછે.હૃદયમાન્ય પતિને પામવા અસમર્થ અને અસંસ્કારી પતિને પનારે પડેલી કુમુદ તે વર્ગની યુવતીઓનું પ્રતિનિધિત્વ ધરાવે છે. આ નવલકથાનાં પાત્રો ત્રણે કાળનાં છે. દરેક પ્રકારના પાત્રના ભૂત,ભવિષ્ય અને વર્તમાનકાળના નમૂના ’સરસ્વતીચંદ્ર ‘નવલકથામાં જોવા મળે છે. એના કારણે વર્ષો પછી પણ ‘ સરસ્વતીચંદ્ર ‘ નું આકર્ષણ આજે પણ એટલું જ તાજગીપૂર્ણ લાગે છે અને એમાં જ પ્રશિષ્ટ કૃતિ તરીકેની ક્ષમતા રહેલી છે.

<u>સંદર્ભસૂચિ</u>

૩૭ સાહિત્યિક નિબંધો –પ્રા. ડૉ. ભરત ઠાકર

પ્રા. રમેશ મ. ભટ્ટ

પ્રા. ચંદુભાઇ ફ. પટેલ,ગૂર્જર પ્રકાશન,પહેલી આવૃત્તિ

૧૯૬૭,પુનર્મુદ્રણ -૧૯૭૧,પુષ્ઠ-૨૧૬,૨૧૭,૨૧૮

સરસ્વતીચંદ્ર ભાગ -૧ગોવર્ધરામ ત્રિપાઠી, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઇ,

આવૃત્તિ-૨૦૦૬,પુષ્ઠ-૯૪

સરસ્વતીચંદ્ર ભાગ-૨ ગોવર્ધનરામ ત્રિપાઠી, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઇ,

આવૃત્તિ-૨૦૦૩,પુષ્ઠ-૩૨

સરસ્વતીચંદ્ર ભાગ - ૩ ગોવર્ધનરામ ત્રિપાઠી, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઇ,

પુષ્ઠ-૧૦૮

સરસ્વતીચંદ્ર ભાગ- ૪ગોવર્ધનરામ ત્રિપાઠી,એન.એમ.ત્રિપાઠી પ્રા. લિ. મુંબઇ

,આવૃત્તિ૨૦૦૬,પુષ્ઠ-૫૪૦